# કલોલમાં કોલેરાના ૧૧ કેસ

## જિલ્લાનુ આરોગ્યતંત્ર રાતભર દોડતુ રહ્યુ : એક જ મહિનામાં ત્રણ વખત દૂષિત પાણીની સમસ્યાને લઈ આરોગ્યતંત્રએ નગરપાલિકાને પત્રો લખ્યા હતા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરમાં કોલેરાના કેસોએ દેખા દેતા આરોગ્યતંત્ર દોડતુ થયુ છે. શહેરમાંથી કોલેરાના એક સાથે ૧૧ દર્દીઓ મળી આવ્યા છે. જિલા કલેક્ટર દ્વારા જુમા મસ્જિદ, મટવાકુવા, બાંગ્લાદેશી છાપરા, અર્જુમનવાડી તેમજ ગુલિસ્તા પાર્કના બે કિ.મી. વિસ્તારને સત્તાવાર રીતે કોલેરાગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરેલ છે.

કલોલ શહેરમાં દૂષિત પાણીની સમસ્યા છેલ્લા ઘણા દિવસોથી આવતુ હોવાની બુમરાણ ઉઠી હતી. આ દૂષિત પાણીને લઈ ગત મહિને જ આરોગ્યતંત્રએ નગરપાલિકાને ત્રણ વખત પત્રો લખી તાત્કાલિક પગલાં લેવા માટે સૂચવ્યુ હતુ પરંતુ ન.પા.ના તંત્રે ઉદાસીનતા દાખવી હતી.

મળતી વિગતો પ્રમાણે ન.પા.ના તંત્ર દ્વારા પાંચેક દિવસ સુધી પાંચ હાટડી બજાર વિસ્તારમાં છુટા છવાયા ઝાડા-ઉલ્ટીના કેસ આવતાં લીકેજીસ શોધવાની કવાયાત કરી હતી. ગટર-પીવાના પાણીની લાઈન એક સાથે જતી ચેમ્બરની લાઈનમાં ભંગાણ હોવાનું સામે આવતાં મહામુસીબતે રીપેરીંગ કરવામાં આવ્યુ હતુ.

કલોલમાં ઉભી થયેલી સ્થિતિને લઈ જિલ્લા કલેક્ટર હિતેષ કોયા, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. વૈષ્ણવ અને તેમની ટીમ સવારે જ કલોલ પહોંચી ગઈ હતી અને અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી.

હરકતમાં આવેલ તંત્રએ આજે સવારથી જ ૩૫ જેટલી સર્વેલન્સની ટીમો અસરગ્રસ્ત વિસ્તારોમાં ઉતારી દીધી હતી અને સર્વેલન્સ દરમ્યાન ૭ હજારની વસ્તીને આવરી લઈ ૨૧૦૦થી વધુ ઓ.આર.એસ.ના પેકેટ્સ તેમજ ૫ હજાર જેટલી ક્લોરીનની ટીકડીઓનું વિતરણ કર્યુ હતુ

તંત્રની ટીમો ઝાડા-ઉલ્ટીની ફરિયાદોવાળા ૪૮ જેટલા દર્દીઓને શોધી તેમની સારવાર શરૂ કરી હતી. મળતી વિગતો પ્રમાણે નવ દર્દીઓને સારવાર અર્થે અલગ-અલગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

તંત્રની ટીમોએ પાંચ વધુ સ્ટૂલના નમૂના મેળવી પરિક્ષણ માટે મોકલી આપ્યા છે. તંત્રએ ૨૪X૭ ઓપીડી પણ આ વિસ્તારમાં શરૂ કરી છે.

કલોલ શહેરમાં ગત વર્ષે પણ કોલેરાના કેસો નોંધાયા હતા. કલોલમાં દૂષિત પાણીની સમસ્યાને લઈ નવી પાઈપલાઈન નાખવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી. તંત્રની ટીમોએ આજે ૬ જેટલા પાણીના લિકેજીસ શોધી કાઢતાં નગરપાલિકાએ તેના મરામતની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરી છે.

આરોગ્યતંત્ર દ્વારા સઘન સર્વેલન્સ કાલે પણ હાથ ધરવામાં આવનાર છે. શહેરમાં કોલેરાના મળેલા કેસોને પગલે તંત્રએ મોડી રાતથી જ કામગીરી હાથ ધરી દીધી હતી એટલુ જ નહિ એક દર્દીનો રિપોર્ટ પોઝીટીવ હોવાના સંકેતો મળતાં જ અધિકારીઓની ટીમ કલોલ પહોંચી હતી એટલુ જ નહિ તાત્કાલિક જાહેરનામુ પ્રસિદ્ધ કરવા સહિતની કામગીરી હાથ ધરી હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

કલોલ શહેરમાં પાણીનો જથ્થો પુરતા પ્રમાણમાં નહિ મળતો હોવાની તેમજ ક્લોરીનેશન યોગ્ય પ્રમાણમાં નહિ થતુ હોવાની ફરિયાદ ધારાસભ્ય લક્ષ્મણજી (બકાજી) ઠાકોરે જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિમાં પણ કરી હતી.

આજે પણ તંત્રની ટીમે પાણીના નમૂના મેળવી પૃથ્થકરણ માટે મોકલ્યા છે તેમજ ૧૦૦થી વધુ સ્થાનોએ કરાયેલ ક્લોરીનેશન ટેષ્ટના પરિણામ નેગેટીવ મળ્યા હોવાનું જાણવા મળેલ છે.

## પેથાપુરની સ્વપ્નવિલા સોસાયટીમાં ૧૧ કેસ ઝાડા-ઉલ્ટીના નોંધાયા

### પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનો તંત્રનો દાવો

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરમાં કોલેરાના કેસોના અહેવાલો વચ્ચે પેથાપુર ખાતે



આવેલ સ્વપ્નવિલા સોસાયટીમાં ઝાડા-ઉલ્ટીના કેસો હોવાનું માલૂમ પડતાં મનપાના આરોગ્યતંત્રની ટીમો પણ પેથાપુર દોડી ગઈ હતી.મનપાની આરોગ્ય શાખાના એપીડેમીયોલોજીસ્ટના નેતૃત્વમાં તાત્કાલિક સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી હતી. તબીબી અધિકારી પણ ત્યાં પહોંચ્યા હતા અને અસરગ્રસ્ત સોસાયટીના રહીશોની રૂબરૂ મુલાકાત લીધી હતી.

તંત્રના સર્વેલન્સ દરમ્યાન સામાન્ય ઝાડા-ઉલ્ટીના કુલ ૧૧ કેસ સામે આવેલ છે. જે તમામ કેસના દર્દીઓને સ્થળ પર ઓ.આર.એસ. પાવડર તેમજ ક્લોરીન ગોળીનું વિતરણ કરાયુ હતુ. ૨૭૪ લોકોના આરોગ્યની ચકાસણી સર્વેલન્સ દરમ્યાન કરવામાં આવી હતી. ૩૦૦ જેટલા ઓ.આર.એસ.ના પેકેટ્સનું પણ વિતરણ કરવામાં આવ્યુ હતુ. તંત્રએ સોસાયટીમાંથી ૪ જેટલા પાણીના નમૂના લઈ પૃથ્થકરણ માટે મોકલી આપ્યા છે.

જે ૧૧ કેસ નોંધાયા છે તેમાં બે પુરૂષ, ૬ મહિલા અને ૩ બાળકોનો સમાવેશ થાય છે. સોસાયટીના રહીશો ખાનગી બોરવેલના પાણીનો ઉપયોગ કરી રહેલ હોઈ તંત્ર દ્વારા ક્લોરીનની ટીકળીઓનો ઉપયોગ કરી પાણી ઉકાળીને પીવાની સલાહ આપવામાં આવી હતી.

આ વિસ્તારમાંથી કોઈ લીકેજીસ પણ ન મળ્યુ હોવાનું જાણવા મળેલ છે. સોસાયટીના રહીશોએ બહારનું ભોજન કે અન્ય વસ્તુઓ આરોગી ન હોવાનું સર્વેલન્સ દરમ્યાન જાણવા મળ્યુ હતુ. તંત્ર દ્વારા સાંજે પરિસ્થિતિને લઈ સમીક્ષા પણ કરવામાં આવી હતી અને પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનું સૂત્રોએ જણાવ્યુ છે.

## ગુડાએ ત્રણ પ્લોટની હરાજી કરી ૪૨.૫૪ કરોડની આવક મેળવી

### હરાજીમાં મુકાયેલા ચાર પૈકી સરગાસનના પ્લોટ માટે એક જ બિડર મળતાં પ્લોટની હરાજી ના થઈ શકી

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરના શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આવક ઉભી કરવા આજે પ્લોટ વેચાણ માટે હરાજીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી આ અન્વયે હરાજીના અંતે ચાર પ્લોટ પૈકી ત્રણનું વેચાણ થયું છે જેના લીધે ગુડાને રૂ ૪૨.૫૪ કરોડની આવક થઈ હોવાનું પણ સૂત્રોએ જણાવ્યું છે જયારે સરગાસણના પ્લોટ માટે એક જ બિડર મળતા હરાજીની પ્રક્રિયા થઈ શકી ન હતી . જયારે વાવોલના વાણિજ્ય હેતુના બે તેમજ રહેણાંક હેતુના એક પ્લોટનું વેચાણ થયુ હતું.

ગુડા દ્વારા પ્લોટની હરાજીની પ્રક્રિયા માં બોલી મુજબની કુલ કિંમતની ૧૦ ટકા રકમ ૧૦ દિવસમાં અને બાકીની રકમ ૩૦ દિવસમાં ચુકવણી કરવાની હોય છે . જયારે બિડર દ્વારા શરતનો ભંગ કરવામાં આવે તેવાં સંજોગોમાં ભરવામાં આવેલી ડિપોઝીટ ની ૧૦ ટકા રકમ જપ્ત કરવામાં આવે છે . જયારે બિડર સમયની માંગ કરે તેવા કિસ્સામાં ૧૫ ટકા વ્યાજ સાથે છ મહિનાની વધુ મુદત અપાશે .આ હરાજી દરમિયાન વાવોલના એક પ્લોટમાં પ્રતિ ચોરસ મીટરની તળિયાની કિંમત સામે રૂપિયા ૨૦૦નો ભાવ વધારો મળ્યો હતો. જ્યારે બીજા પ્લોટમાં પ્રતિ ચોરસ મીટરે રૂપિયા ૪૦૦નો અને ત્રીજા પ્લોટમાં પ્રતિ ચોરસ મીટરે રૂપિયા ૨૪ હજારનો ભાવ વધારો તંત્રને મળ્યો હતો. પ્રથમ પ્લોટમાં ૧૦ બિડર હતા પરંતુ બોલી એક જ વાર બોલાઈ હતી. બીજા પ્લોટમાં ૫ બિડર હતાં અને બે વખત બોલી બોલાઈ હતી. જ્યારે ત્રીજા પ્લોટમાં ૬ બિડર હતાં અને ૯૬ વખત બોલી બોલાઈ હતી.

વાવોલ વિસ્તારમાં વાણિજ્ય હેતુ માટેના ૩,૧૧૨ ચોરસ મીટરના પ્લોટ માટે પ્રતિ મીટરનો ભાવ રૂ ૩૫,૦૦૦ નિયત કરાયો હતો. જેની તળિયાની કુલ કિંમત ૧૦.૮૯ કરોડની સામે અમદાવાદની દિલીપરાજ કોર્પોરેશને ૧૦.૯૫ કરોડની બોલી ના આધારે આ પ્લોટ મેળવ્યો છે .આ ઉપરાંત વાવોલમાં રહેણાંક હેતુ માટેના ૪,૫૭૮ ચોરસ મીટરના પ્લોટ માટે મીટરનો ભાવ રૂ ૨૯,૦૦૦ નક્કી કરવામાં આવ્યો હતો. જયારે

● અનુસંધાન પાન-૭ પર

## ગુડાના આવાસની ફાળવણી બાદ રકમ ન ચુકવનાર લાભાર્થીની ફાળવણી રદ કરાશે

### ગુડાએ અત્યાર સુધી બાકી રકમ ચુકવવા માટે લાભાર્થીઓને નોટીસ પણ આપી છે આમછતા આવાસના પૈસા ચુકવવામાં નિરસતા દાખવવામાં આવતા ગુડાએ આવા મકાનો સંદર્ભે યાદી પણ તૈયાર કરી

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગરીબ અને મધ્યમવર્ગના પરિવારોને ઘરનુ ઘર મળે તે માટે વિવિધ ટી પી વિસ્તારમાં તોતિંગ ખર્ચ કરીને નવા આવાસો બાંધવામાં આવી રહ્યા છે. જયારે આવાસોની ફાળવણીના અંતે પણ લાભાર્થીઓ દ્વારા સમયસર નાંણા ન ચુકવાતા ગુડાએ નોટીસના અંતે હવે આવાસોની ફાળવણી રદ કરવા સુધીના પગલા લેવા આયોજન કર્યુ છે. સમયસર પૈસા ન ચુકવનાર લાભાર્થીઓના આવાસની ફાળવણી ટુંકમાં રદ કરવામાં આવશે.

ગાંધીનગર શહેર વિકાસ સત્તા મંડળ દ્વારા ગત બોર્ડ બેઠકમાં કેટલાક મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે. ગુડા દ્વારા વિવિધ ટી પી વિસ્તારમાં ઈકોનોમિક વિકર સેકશનને ધ્યાનમાં રાખી નવા આવાસો બાંધવામાં આવ્યા છે. આ ઉપરાંત એમ આઈ જી આવાસો પણ તૈયાર કરવામાં આવ્યા છે. હાલ પણ ગુડાની આવાસ યોજના હેઠળ નવા મકાનોનુ બાંધકામ થઈ રહ્યુ છે. પરંતુ ગુડાના આવાસોની ફાળવણી બાદ લાભાર્થીઓ દ્વારા શરતોનુ પાલન ન થતુ હોવાની અઢળક ફરિયાદો ઉઠવા પામી છે. જેને ધ્યાનમાં રાખી ગુડાએ હવે કડક પગલા લેવાનો નિર્ણય લીધો છે. ગુડાના આવાસો ભાડે આપવા બદલ પણ અગાઉ તગડી દંડ વસુલી પણ કરવામાં આવી હતી. જયારે આવાસો ભાડે આપવાના મુદ્દે ત્રણ નોટીસના અંતે મકાન સીલ કરવા સુધીના પગલા લેવાનો પણ નિર્ણય કરાયો છે. જયારે હવે ગુડાના આવાસોના મામલે ભાડે આપવા અને વેચાણ સંબંધે નવો નિર્ણય કરાયો છે. જે મુજબ દસ્તાવેજની પ્રક્રીયાના અંતે ૧૦ વર્ષ બાદ જ મકાન ભાડે કે વેચાણ આપી શકાશે. જો કે આ નિર્ણય સામે લાભાર્થીઓમાં રોષ પણ જોવા મળી રહ્યો છે. બીજીતરફ નવા આવાસોની ફાળવણીના અંતે ગુડાને નાણાં ચુકવવામાં નિરસતા દાખવતા લાભાર્થીઓ સામે પણ હવે કડક પગલા લેવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ગુડાના સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર ગુડા દ્વારા લાભાર્થીઓને આવાસની ફાળવણી કરવામાં આવ્યા બાદ પણ હજુ સુધી ઘણાં કીસ્સામાં નજીવી રકમ જ ચુકવવામાં આવી છે. લાભાર્થીઓને ચુકવણા માટે

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં સંકલનના અભાવે પુરાણનુ કામ અધુરુ

### સેક્ટરોમાં એક ખાડાથી બચો તો બીજામાં પડો..: પાણી ગટર બન્ને લાઇનના ખોદકામ બાદ સ્થિતિ નિવારવા વેટમિક્સથી પુરાણ કરવામાં આવી રહ્યુ છે પરંતુ એમાં પણ વિભાગ વચ્ચે સંકલન ન જળવાતા ઘણા ઠેકાણે સમસ્યા યથાવત





ગાંધીનગર તા ૨૩

શહેરમાં પાણી ગટર લાઈન નવી નાંખવા માટે ઠેર ઠેર ખોદકામ કરવામાં આવી રહ્યુ છે ત્યારે અત્યાર સુધી ખોદકામ બાદ સેકટરોમાં વરસાદી સંજોગોમાં કાદવ કિચ્ચડ વચ્ચે માટી પોલાણ થતા ગાબડા અસ્તિત્તવમાં આવતા સ્થાનિકો માટે ડગલે ને પગલે સમસ્યાઓ સર્જાય છે જયારે આ ફરિયાદો નિવારવા માટે તંત્ર દ્વારા વેટમિકસથી પુરાણ કરવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. ત્યારે પાણી ગટરની લાઇન માટે અલગ અલગ એજન્સી કાર્યરત હોવાના લીધે પુરાણની કામીગીરીમાં સંકલન જળવાતુ નથી જેના લીધે રહીશો એક ખાડામાંથી બચે તો બીજામાં પડે તેવી સ્થિતિ સર્જાઇ છે.

ગાંધીનગરમાં પાણી ગટરની નવી લાઈન નાંખવા સેકટરોમાં ઠેર ઠરે ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. જયારે આ ખોદકામગીરીના લીધે વરસાદી સંજોગોમાં સેકટરોમાં ઠેર ઠેર કાદવ કિચ્ચડ વચ્ચે ગાબડા અસ્તિત્વમાં આવે છે જેના લીધે સ્થાનિક સેકટરવાસીઓએ ડગલે ને પગલે હાલાકી વેઠવી પડે છે જયારે આ ફરિયાદો અને સ્થાનિકોને પડતી હાલાકી નિવારવા માટે તંત્ર દ્વારા વેટમિકસના ઉપયોગથી પુરાણ કરવામા આવી રહ્યુ છે. જયારે આવા સંજોગોમાં પણ ગટર અને પાણીની બન્ને એજન્સીઓ કામ કરતી હોવાથી બન્ને એકબીજાના ખાડા પુરવા માટે પુરાણ કરતા નથી જેના લીધે એક જગ્યાએ કામ થાય અને એક જગ્યાએ બાકી રહે છે. આવા સંજોગોમાં સેકટરવાસીઓએ એક ખાડામાંથી બચે તો બીજામાં પડે તેવી સ્થિતિ છે. શહેરના સેકટરોમાં પાણી ગટરની કામગીરી અલગ અલગ તંત્રને સોંપવામાં આવી છે. શહેરના સેકટરોમાં દાયકાઓ જુની પાણીની લાઇન નવી નાંખવા માટે પાણી પુરવઠા બોર્ડ કામ કરી રહ્યુ છે. જયારે ગટર લાઈનનુ કામ પાટનગર યોજના વિભાગ કરે છે. જેના લીધે વરસાદી સંજોગોમાં સેકટરોમાં ઠેર ઠેર ખોદકામ થયુ હોય ત્યાં કાદવ કિચ્ચડ અને માટી પોલાણ થતા ગાબડા અસ્તિત્વમાં આવતા હોવાની ફરિયાદો વધી છે. જયારે આ ફરિયાદોને ડામવા માટે સેકટરોના આંતરિક માર્ગો પર વેટમિકસ નાંખીને પુરાણ કરવા માટે પણ ટીમ કામે લાગી છે. અનેક રજુઆતોના અંતે સ્થાનિકોના આક્રોશને ડામવા માટે તંત્રએ આખરે પુરાણની કામગીરી હાથ ધરી છે. પંરતુ ગટરની લાઈનના ખોદકામમાં પુરાણની સામગ્રી નાંખવામાં આવતી હોય ત્યાં પાણીની લાઈનના ગાબડા પુરાતા નથી આ બન્ને કામ માટે જુદી જુદી એજન્સી કાર્યરત છે. ત્યારે બન્ને એજન્સી વચ્ચે સંકલનનો અભાવ છે. જેના લીધે આ સ્થિતિ નિવારવા માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવાય તે પણ અનિવાર્ય છે. જયારે ચોમાસુ માથે છે ત્યારે અનેક ઠેકાણે ખોદકામના લીધે સેકટરોના આંતરિક માર્ગો ઉબડ ખાબડ બન્યા છે.

તો બીજીતરફ આ પ્રકારના ખોદકામના લીધે વરસાદી ભીંજારા સાથે કાદવ કિચ્ચડ અને ગંદકી વચ્ચે જોખમી ગાબડા અસ્તિત્વમાં આવે છે. સ્થાનિકોના વાહનો પણ સલવાઈ જતા હોવાના દાખલાઓ પણ સામે આવ્યા છે. ત્યારે સેકટરોમાં એક ખાડો પુરાય અને અન્ય એક જગ્યાએ યથાવત સ્થિતિ રહે તેવા સંજોગોમાં સ્થાનિકો એક ખાડામાંથી બચે તો બીજા ખાડામાં પડે તેવી સ્થિતિ સર્જાઇ છે. ચોમાસાનુ કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયુ છે. આવી જોખમી સ્થિતિ નિવારવા માટે પણ બન્ને એજન્સીઓ એકબીજા સાથે સંકલન રાખી વરસાદી દિવસોની જમાવટ પુર્વે યોગ્ય કામગીરી હાથ ધરે તેવી પણ માંગણી પ્રબળ બની છે.

## અન્ડરપાસનો ઘ-૩ થી ઘ-૫ માર્ગ સોમવારથી છ દિવસ માટે બંધ કરાશે

### અંડરબ્રીજની સાફ-સફાઈ, કેચપીટોની સફાઈ તેમજ કેચ ડ્રેઈનની મરામત સહિતની કામગીરી હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર શહેરમાં આવેલ કલેક્ટર કચેરી નજીકના અન્ડરપાસની એક સાઈડ છ દિવસ માટે મેઈન્ટેન્સ અને અન્ય કામગીરીને લઈ ૨૬મી જૂનથી ૨ જુલાઈ સુધી બંધ રાખવાનો નિર્ણય મનપાએ કર્યો છે.

**મરામત-જાળવણી અને નિભાવણીની કામગીરી માટે મનપાના તંત્રએ નિર્ણય લીધો**

શહેરમાં શરૂઆતથી જ વિવાદાસ્પદ રહેલ અન્ડરપાસમાં વારંવાર રિપેરીંગ કરવાને લઈ તેમજ પાણી ભરાઈ જવાને કારણે બંધ કરવાની અગાઉ ફરજ પડી હતી.

ગાંધીનગરમાં હાલ મેટ્રોરેલના ચાલી રહેલા કામને લઈ ચ-માર્ગ તેમજ છ-માર્ગ બંધ છે ત્યારે અન્ડરપાસની એક સાઈડ મેઈન્ટેન્સ અને અન્ય કામગીરી માટે ૬ દિવસ બંધ કરવાને કારણે અહિ ટ્રાફિકની સમસ્યા વધશે.

અન્ડરપાસમાં ગાબડા પણ પડ્યા છે તેમજ જાળી પણ તુટી જવા પામી છે. હાલ વરસાદની સ્થિતિ ન હોવાથી તંત્રએ તાત્કાલિક મરામત માટે આ સમયગાળાની પસંદગી કરી છે.

સ્માર્ટસીટી પ્રોજેક્ટ હેઠળ ગાંધીનગર શહેરની આગવી ઓળખ બની ચુકેલ ઘ-૪ સર્કલ તોડી આ અન્ડરપાસ બનાવવામાં આવેલ છે.

ગાંધીનગરના ઘ-૪નો અંડરબ્રીજ દર વરસાદી સિઝનમાં સ્માર્ટીસીટીની કામગીરીની પોલ ખોલી નાખે છે. અંડરબ્રીજમાંથી ગટર ઉભરાવવાની, ડ્રેનેજ લાઈનની લોખંડની જાળી તુટી જવાની ઘટનાઓ બનતી હતી.

સ્માર્ટસીટી ડેવલપમેન્ટ લિ. દ્વારા પ્રિ.મોન્સુન કામગીરી કરવાનું આયોજન કરાયુ છે અને તે અંતર્ગત ૨૬ જૂનથી ૨ જુલાઈ સુધી ઘ-૩ થી ઘ-૫ તરફનો રસ્તો બંધ કરી દેવામાં આવશે. અંડરબ્રીજની સાફ-સફાઈ, કેચપીટોની સફાઈ તેમજ કેચ ડ્રેઈનની મરામત સહિતની કામગીરી હાથ ધરવામાં આવનાર હોવાનું મનપાએ જણાવ્યુ છે.


**જાહેર ચેતવણી**



આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ તે અમારા અસીલ શેષન રમેશભાઈ પટેલ રહેવાસી – પોર, તા.જી. ગાંધીનગરનાઓની સુચના અન્વયે આ જાહેર ચેતવણી આપી જાહેર કરીએ છીએ કે,બાજુમાં દર્શાવેલ ફોટોવાળી વ્યકિત અમારા અસીલના પત્નિ નામે

હિરલ (ઉર્ફે : ગુડ્ડી)

(પ્રવિણકુમાર ડાહ્યાભાઈ પટેલની દિકરી)

(રહેવાસી કલોલ) અમારા અસીલના કહયામાં નથી જેથી અમારા અસીલે ફેમીલી કોર્ટમાં એચ.એમ.પી. નં ૧૦૭/૨૦૨૩ થી છુટાછેડા લેવા માટે અરજી કરેલ છે. જેથી જાહેર જનતાએ કોઈપણ પ્રકારના હિરલ સાથે નાણાંકીય સામાજીક વ્યવહાર કરવા, કરાવવા નહિ, અને કરવામાં આવશે તો તે વ્યકિતની પોતાની અંગત જવાબદારી રહેશે. અને તે બાબતે અમારા અસીલની કોઈ જવાબદારી રહેશે નહી.

તા. :- ૨૪/૦૬/૨૦૨૩

સ્થળ :- ગાંધીનગર

અસીલની સુચના અન્વયે.

અમારી મારફતે : વિરલ એલ. પટેલ, એડવોકેટ (મો. નં. ૮૭૩૪૦ ૭૬૧૫૬)

ડી – ૩૦૩, શ્રીશરણમ શાઈન, ટી. પી. ૯, સરગાસણ, તા. જી. ગાંધીનગર.


## વાવોલ ડ્રેનેજ પ્રોજેક્ટ અંતર્ગત રેલ્વેની પુશીંગની મંજૂરી ડ્રેનેજ લાઈન મુખ્ય લાઈન સાથે જોડવાનો માર્ગ મોક્ળો

ગાંધીનગર, તા. ૨૩

વાવોલ ગામ ખાતે હાલમાં ગાંધીનગર મહાનગરપાલિકા અંતર્ગત પાણીની લાઇન તેમજ ગટરની લાઇન નાખવાનો પ્રોજેક્ટ કાર્યરત છે. જેમાં વાવોલ ગામ ખાતે આંતરીક ગટર લાઇન નાંખવાની ૭૦% કામગીરી પૂર્ણ થયેલ છે.

આ ગટરને ખ- રોડ પર મુખ્ય ગટર લાઇન સાથે જોડાણ કરવા રેલવે પુશીંગ માટે રેલવે વિભાગની મંજૂરી અર્થે અરજી કરવામાં આવેલ હતી જેને ગાંધીનગર મહાનગરપાલિકાના સતત પ્રયત્નોથી મંજૂરી મળતા સદર ગટર લાઇનના પુશીંગ માટે આગામી સમયમાં રેલવે વિભાગના પરામર્શમાં રહીને કામગીરી પૂર્ણ કરવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે પૂર્ણ થતા વાવોલની ગટર લાઇનને ખ- રોડની મુખ્ય ગટર લાઇન સાથે જોડવામાં આવશે.


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

ASTRAL PIPES

Pidilite Roff TILE & STONE FIXING EXPERT

Birla White THE WHITEST WHITE CEMENT

VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮

શાખા :

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.

મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

PRINCE PIPING SYSTEMS

Jaquar experience bathing

DR. FIXIT


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com